





આતંકે મરે નિર્દોષ, હાલત બૂરી થઇ જાય છે,
'કડી નિંદા' - કે બાદ ફરજ પૂરી થઇ જાય છે!
ફેરવે છૂરી મીઠું ભભરાવી નાણાકીય સહાયે-
ને આમ જ નેતાઓની પ્રજાથી દૂરી થઇ જાય છે..
(આતંકી હુમલા)




દેવ વિનાના
ગાંઠીયા મંદિરની
વધારે શોભા..
(રણમાં સ્ટેડ બ્રીજ)

ટિકીટ વડે
કાળાં થાય છે ધોળાં -
નાણાનો જાદુ!
(ભાષણ ની ટિકીટ)

## ચિંતન

**ઇક્ષુ દંડાસ્તિલાઃ ક્ષુદ્રાઃ કાન્તા હેમ ચ મેદિની ।**
**ચંદનં દધિ તાંબુલં મર્દનં ગુણવર્ધનમ્ ॥**

ચાણક્યનીતિનો આ શ્લોક છે :

'શેરડીનો સાંઠો, તલ, મૂર્ખ-નાના-નીચ માણસો, સ્ત્રી, સોનું, ભૂમિ, ચંદન, દહીં અને પાન - આટલી વસ્તુ-બાબતોને જેટલું વધારે ઘસો તેટલું એમાં ગુણવર્ધન થાય.'

શેરડી અને તલ જેટલું અધિક પિલાય એટલું વધારે રસ અને તેલ મળે છે - સોનાને જેટલું વધારે તપાવો એટલું વધારે શુદ્ધ થાય છે. જમીનને જેમ વધારે ખેડવામાં આવે અધિક હળ ચલાવવામાં આવે તેમ વધારે ફળદ્રુપ થાય છે; અને વધારે પાક નિષ્પન્ન થાય છે.

દહીંને વધારે મંથન કરવાથી છાસ અને માખણનું પ્રમાણ પણ વધારે મળે છે છાસ મધુર થાય છે. ચંદનને પણ ઓરસિયા પર વધારે ઘસવાથી વિપુલ પ્રમાણમાં ચંદન મળે છે.

માણસ - કે સ્ત્રી મુસીબતો-આપત્તિઓના સમયમાં જેમ જેમ વધારે કષ્ટ ભોગવે છે તેમ તેમ ધૈર્ય-બુદ્ધિ-સહનશક્તિમાં કૌશલ્ય નિપુણ થતાં જાય છે.

## સુવિચાર

- ખર્ચ કર્યા પછી જે બચે તેની બચત ના કરો... બચત (રોકાણ કર્યા પછી જે બચે તેને ખર્ચ કરો - **વૉરેન બફેટ**
- દર્દ એ આપણી ભૂલનું પરિણામ છે.. એમ સમજી યોગ્ય દવાઓ કરવી અને દર્દ મટ્યા પછી તેવી ભૂલો ન કરવી - **ચાણક્ય**
- સૂર્યનો પ્રકાશ બંધ કરશો તો ડોક્ટર ઘરમાં દાખલ થશે - **તમિલ કહેવત**
- શિક્ષણ એ આજીવિકાના સાધન તરીકે હોય તો તે કલા છે, અને જીવન વિકાસ માટે હોય તો તે વિદ્યા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લક્ષ્મીની પ્રકૃતિ છે કે તે અધિક શ્રેષ્ઠ ગુણોવાળા, જડ, બુદ્ધિનું અભિમાન રાખનારા પાસે રોકાતી નથી - **રમણ મહર્ષિ**
- ભગવાન મૂર્તિઓમાં નથી. તમારી સાચા હૃદયની લાગણીઓ જ ઇશ્વર સ્વરૂપ છે - **માનસ સૂત્ર**
- શાંતિ પોતાની મર્યાદાઓની સ્વીકૃતિ છે - **જનકલ્યાણ**

## બોધ કથા

આપણી શ્રધ્ધા અને વિશ્વાસથી જે કામ પ્રવૃત્તિ કરવામાં આવે એમાં આપોઆપ રસ અને આનંદ ઉમેરાઇ જાય છે. ભૂજમાં ઉપલીપાળ રોડ પર રઘુનાથજીનું મંદિર છે એની બાજુમાં અંદરના ભાગે 'રામવાડી' હતી. (ધરતીકંપ પહેલાં) એમાં એકસો વર્ષ ઉપરાંતથી એક જ વ્યાસપીઠ પરથી 'રામકથા' થતી દરરોજ સાંજે ૪ થી ૬ થી આ કથા થતી ૭૦ વર્ષ શ્રી નારાણયજી ભટ્ટે કથા વાંચી ૩૦ વર્ષ ગિરજા શંકર ભટ્ટે વાંચી. ગિરજાશંકર ભટ્ટને એક વાર ખૂબ તાવ આવ્યો. બપોરે થયું આજે કથાં નહીં થાય. પણ સમયસર તાવવાળાં શરીરે વ્યાસપીઠ પર બેઠા અને રસમગ્ન થઇ કથા કરી. તાવ ભાગી ગયો. (એમને મુખે જ મેં ઘટના સાંભળી છે.)

ચોર્યાસી વર્ષના ભીમસેન જોષી (શાસ્ત્રીય સંગીતકાર) નો પૂનામાં-સવાઇ ગાંધર્વ સંમેલનમાં ગાવાનો કાર્યક્રમ હતો. તેના ત્રણ દિવસ પહેલાં જ એમને તાવ આવ્યો અને તાવમાં બેભાન થઇ ગયા; એટલે સુધી કે ભાનમાં આવે તો પણ દિશા ભ્રમિત થઇ જાય.

અશક્તિ આવી ગઇ કાર્યક્રમની સવારે એમને ગાવા માટે અને કાર્યક્રમમાં જવા માટે મનાઇ ફરમાવી દીધી.

પંડિતજી રહેવાયું નહીં. બે માણસ સાથીદાર મિત્રોને વિનંતી કરી કાર્યક્રમમાં લઇ ગયા અને તેમના ટેકાથી જ કાર્યક્રમના સ્ટેજ પર ગોઠવાયા.

સંગીતના સૂર જાગ્યા. ધીમો ધીમો આલાપ શરૂ થયો અને ગાયકીએ વેગ પકડ્યો. એક કલાક સુધી સતત ગાયન ચાલ્યું. સાચા કલાકારને આમ જ આત્મબળ મળી રહે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# રાતના વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક એકદમ પ્રસરેલી હતી, વાદળોને કારણે ધૂંધળું વાતાવરણ અને તેમાં કયાંક કયાંક સંભળાતો પંખીઓનો કલરવ તેને તેની પ્રેયસી માનસીની યાદ અપાવી રહ્યો હતો

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

સવારથી જ શ્રીધર પોતાના રંગની ડબ્બીઓ અને પીંછીઓ લઇ ધાબા પરના ઓરડાની બારીમાં બેસી ગયો.

રાતના વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક એકદમ પ્રસરેલી હતી. વાદળોને કારણે ધૂંધળું વાતાવરણ અને તેમાં કયાંક કયાંક સંભળાતો પંખીઓનો કલરવ તેને તેની પ્રેયસી માનસીની યાદ અપાવી રહ્યો હતો.

કાશ! માનસી તેનાં મૌન પ્રેમની અગન અને સમર્પણને જાણી શકે.

શ્રીધર જુદાં જુદાં શહેરોમાં જઇને પોતે કેનવાસ પર બનાવેલાં પેઇન્ટીંગના એક્ઝીબીશન કરતો હતો. જેમાં ફક્ત નાયિકાઓ જ જોવા મળતી. તેણે પોતાના આર્ટ ગુરૂ રસીકલાલ પરીખના ચિત્રોમાંથી પ્રેરણા લીધી હતી. જયારે આજે એકવીસમી સદીમાં પણ રવિ વર્મા છવાઇ જતા હોય તો શ્રીધરે શું ગુન્હો કર્યો છે.

તે અસંમજસમાં કયારેય જીવવા માંગતો ન હતો. તેણે પિતાનું ઘર એટલા માટે જ છોડી દીધું કે તેના પેઇન્ટીંગને કારણે તેની ત્રણે બહેનો કુંવારી રહી ન જાય.

માનસી તેની નાની બહેન જીજ્ઞાની બહેનપણી છે. માનસી પોતે સ્કલપચર આર્ટીસ્ટ છે. પરંતુ તે હંમેશા શ્રમજીવીઓ, મજુરો અને ખેડૂતોની મૂર્તિઓ બનાવે છે. તેને વિશ્વાસ છે કે શ્રમથી જ પ્રગતિ થઇ શકે. જયારે શ્રીધરે નારી સૌંદર્ય, પ્રેમાભિવ્યક્તિના ભાવો અને માતૃત્વને શ્રેષ્ઠ માને છે.

એક દિવસ શ્રીધરની બહેન જીજ્ઞાએ પૂછ્યું, 'ભાઇ તમારી ચિત્રોની નાયિકાઓ જીંદગીભર મોહીની જ બની રહેશે?' આ સાંભળી શ્રીધર કયાંય સુધી તેની તરફ જોતો રહ્યો. તેને આ વિચારો માનસીના લાગ્યા. જે તેની બહેન જીજ્ઞા વ્યક્ત કરી રહી હતી.

'જીજ્ઞા જીવનમાં સમર્પણની એક પળ સૌંદર્ય છે. નહીંતર દર્પણની શું જરૂર.' કહેતાં શ્રીધર ઘરની બહાર નીકળી ગયો. તે આજે પણ વિચારે છે કે આ વરસાદી મૌસમ, ઠંડક અને તેમાં સોનેરી ચમકતા તડકાની તલાશ... માનસી એ તડકાને અનુભવી શકે તો? પોતાના એક મિત્ર ધ્વનિલની કવિતા તેને યાદ છે જાણે કે તેણે પોતે જ લખી ન હોય.

"આલિંગનમાં તુ હોય"
ગોઠણ પર,
પાંપણો પર,
ધીમે ધીમે ઉગતું
અજવાળું...''

અને તું કહેતી હોય કે બાથમાં લઇ લે બહુ ઠંડી લાગે છે.'

સૂમસામ રસ્તેથી શ્રીધર પાછો વળ્યો. સૂમસામ સડક પર ચાલતા શ્રીધરને લાગ્યું કે રસ્તો કેટલો લંબાઇ રહ્યો છે. આટલો લાંબો રસ્તો જીંદગીને શું આપી શકે. એ એકલતા વચ્ચે જીવી ન શકે. હરપળ તેને સંગીત જોઇએ. જીવવા માટે એક ધબકાર જોઇએ.

શ્રીધરે છતની બારીમાંથી ફરી એ મૌસમને જોઇ. માનસી તેના હૃદયમાં એવી વસી ગઇ છે કે કોઇ પણ નાયિકાનું ચિત્ર દોરતાં માનસી જ ઊભરી આવે છે.

આજે શ્રીધરે ગુલમહોરના ઘટાગાર વૃક્ષો પર હસતાં વરસાદી જળબુંદોને પોતાના કેનવાસ પર ઉતારવાનું શરૂ કર્યું. અચાનક તેને ઝાંઝરનો ઝણકાર સંભળાવા લાગ્યો. અને તે પોતાના કેનવાસ પર પાની પર મહેંદી લગાવેલ પગ અને ઝાંઝરનું ચિત્રાંકન કરવા લાગ્યો.

જીંદગીમાં કેવા કેવા વળાંકો આવ્યા છે. શ્રીધરે તો કયારેય વિચાર્યુ પણ ન હતું કે એમ.બી.એ.ના બીજા ફાઇનલ ઇયરમાં તે કોર્સ છોડી દેશે. બન્યું એવું કે તે એક દિવસ તેના મિત્રોની સાથે ફાઇન આર્ટ્સ કોલેજમાં આર્ટ એક્ઝીબીશન જોવા ગયો હતો.

સ્કલ્પચર મૂર્તિ કળાને જોઇને તે બોલ્યો, 'જેણે બનાવી છે તેની કેવડી મોટી ભૂલ રહી ગઇ છે. એક પગ પાછળ અને એક પગ આગળ બનાવતાં ભારે હથોડાથી ગરમ લોખંડને ટીપવાનું દૃશ્ય બનાવ્યું છે. પણ આ પોઝ તો લાકડાં ફાડવા માટેનો હોવો જોઇએ.' તે સમયે પાછળથી અવાજ આવ્યો. આર્ટની એ,બી.સી.ડી. ન જાણતા હોય એ લોકો પણ અભિપ્રાય આપવા લાગે છે.' એ અવાજ માનસીનો હતો.

તેની બહેનપણીએ તેને નામ લઇ કહ્યું, 'માનસી તું ચિંતા ના કર આજકાલના યુથમાં એક્ઝીબીશનમાં જવાની ફેશન થઇ ગઇ છે. બાકી રેતીમાં પાણીના ટીપાં પડે તેમાં પરપોટા થતા દેખાય ખરાં? ચાલ કેન્ટીનમાં જઇને કોફી પીએ.'

માનસી તે વખતે શ્રીધર પર આર્ટીસ્ટ છે એ વાતે અજાણ હતી. તેની તરફ જોતાં પોતાના ગુલાબી સીફોનના દુપટ્ટાને આંગળીઓ વચ્ચે વિંટાળતી ચાલી ગઇ.

બસ એ જ દિવસથી શ્રીધરે પણ નિશ્ચય કરી લીધો કે પેઇન્ટીંગ બનાવી તે પોતાના ચિત્રોનું એક્ઝીબીશન લગાવશે. તેણે પોતાના એમ.બી.એ.ની ફાઇનલ એકઝામ છોડી દીધી. મમ્મી અને ત્રણે બહેનોએ ખુબ સમજાવ્યો. પણ તે માન્યો નહીં. એક દિવસ પપ્પાએ બેંકમાંથી પાછા ફરતાં તેની મમ્મીને કહ્યું, 'સાંભળ તારા કુંવર શ્રીધરને કહી દેજે. હજુ ત્રણ બહેનોના લગ્ન કરવાના બાકી છે. તે અભ્યાસ પુરો કરે કે ન કરે. તેણે કમાવાનું કંઇક કરવું પડશે.'

પણ શ્રીધરે તેમની વાત કાને ન ધરી. તેણે ઘર છોડી દીધું. માનસીએ ઘણા સમય બાદ પોતાની આર્ટ કોલેજમાં એક આર્ટ એક્ઝીબીશન જોયું. તેની દરેક કૃતિઓ નીચે નામ હતું શ્રીધર.

કોલેજમાં જીજ્ઞાએ માનસીને કહેલું કે તેના ભાઇ શ્રીધરે પોતાની આર્ટના ચક્કરમાં ઘર છોડ્યું છે. પપ્પા મમ્મી બહુ દુ:ખી છે. અમારો અભ્યાસ પૂરો થાય તો કયાંક નોકરી શોધી લઇશું. ત્યારે માનસીને ખબર પડી કે આર્ટીસ્ટ શ્રીધર જીજ્ઞાનો ભાઇ છે. શ્રીધરે વરસાદી વાતાવરણમાં ગુલમહોરના ઘટાદાર વૃક્ષ પર વરસતા જળ બુંદોનું ચિત્ર બનાવ્યું. પાનીમાં મહેંદી લગાવેલ ઝાંઝર પહેરેલ પગ બનાવ્યા. ઉષાની લાલીમા ભીના દુપટ્ટા પર છવાતાં નાયિકાના ગુલાબી ચહેરાની પ્રોફાઇલ, ભીના વાળને ચહેરા પરથી હટાવતો હાથ... અરે! આ શું? માનસી ને જોઇને શ્રીધર ખુદ ચોંકી ગયો.

માનસીની એક આંખો જે તે દિવસે જોયેલી દર વખતે કેનવાસ પર ઉતરી આવે છે. શ્રીધર વિચારવા લાગ્યો કે માનસીના રૂપમાં, મોહમાં તે આટલો કેમ ફસાયો છે. શું માનસી પણ તેને ચાહતી હશે?

તેને પોતાની બહેન જીજ્ઞા યાદ આવી. પોતાનું અર્ધું બનાવેલું પેઇન્ટીંગ પ્લાસ્ટીક અને છાપામાં વીંટાળી ઘરે લઇ આવ્યો. વરંડામાં આવી ઊભો જ રહેલો ત્યાં અંદરથી અવાજ સંભળાયો. 'સારૂં, માનસી ભાઇને જયારે મળીશ ત્યારે જરૂર થી કહી દઇશ કે આર્ટ કોલેજમાં લગાવેલ ચિત્ર પ્રદર્શન તને બહુ જ ગમેલું. સાથે સાથે એ પણ કહીશ કે પ્રેમ અને પ્રકૃતિ સિવયા પણ કુદરતમાં ઘણું છે. જેમ કે ઘંટી દળતી સ્ત્રી અને તેના ચહેરા પરનો પ્રસ્વેદ...!

'ધત્ ... એવું ના કહેતી. તારો ભાઇ તો કોણ જાણે કઇ દુનિયામાં રહે છે. ચાલ કાલે જે ધ્વનિલની કવિતા વાંચેતી તે સાંભળ.

જળ તરફ જોઇને
તડકા તરફ જોતાં,
તેને આપણે સૌ,
રંગો વડો સંબોધીએ છીએ.
ત્યારે જળ
કેટલું ઊંડાણથી તેને સાંભળે છે.
જેમ આપણે ભલે બે હોઇએ
બે શરીર એક પ્રાણ
વર્ષાના જળ બિંદુઓની જેમ
એકબીજામાં મળી જઇએ
ભળી જઇએ''

વાહ! માનસી કમાલ છે. તને તો આખી કવિતા યાદ છે. 'જાણો કે એક બીજી વાતો પરસ્પરનો ભાવ આપણા માટે જ લખ્યો ન હોય.'

આજે આ મસ્ત વાતાવરણમાં કોફી અને બટાકાના ગરમાગરમ ભજિયાં ખાઇને મજા આવી ગઇ. આ જ વિશ્વાસની નિશાની છે. ચાલ તો હું જાઉં.'

દરવાજો ખુલતાં શ્રીધરને સામે જ હાથમાં પેઇન્ટીંગ લઇને ઊભેલાં જોઇ માનસી ચોંકી ગઇ પણ જીજ્ઞા ખુશ થઇ. શ્રીધરભાઇ તમારૂં આયુષ્ય ઘણું લાંબુ છે. બે કલાકથી અમે તમારી જ વાતો કરતાં હતાં.

'આવો ને ભઇ અંદર આવો. જીજ્ઞાએ પેઇન્ટીંગ હાથમાં લેતાં કહ્યું.'

'ના... આ પેઇન્ટીંગ ભીનું છે. સાચવીને રાખજે. પપ્પાને કહી દેજે કે હું મારા ફ્રેન્ડ્સની સાથે સિંગાપુર જાઉં છું. ત્યા આર્ટ એક્ઝીબીઝન છે. મારે કદાચ બે-ત્રણ મહિના લાગશે. બાકી સારૂં છે.' કહીને શ્રીધર જવા લાગ્યો. માનસીએ જીજ્ઞાને કહ્યું. 'હું પણ જાઉં.'

શ્રીધર અને માનસી ભીના રસ્તા પર ચૂપચાપ ચાલી રહ્યા હતા. ત્યારે માનસીએ વાત શરૂ કરી. તમે પેઇન્ટીંગ બહુ સારાં બનાવ્યાં છે.

શ્રીધર ચુપચાપ ચલાતો રહ્યો. તેને ખાત્રી થઇ કે માનસી જરૂર તેને ચાહે છે. તેથી સાથે સાથે ચાલી રહી છે. તો આ તરફ માનસી વિચારતી હતી કે 'જો ધોધમાર વરસાદ પડે તો મજા પડી જાય. શ્રીધર અને એ ભીંજાતાં કયાંક ઊભાં રહે....'

ત્યાં શ્રીધરે કહ્યું, 'સારૂં પછી મળીયએ છીએ.'

'જી.'

અને તે આગલા વળાંકે બીજા રસ્તે ચાલ્યો ગયો. માનસી થોડીવાર સુધી દૂર દૂર તેને જતો જોઇ રહી. ઘરમાં જીજ્ઞાએ પેઇન્ટીંગ જોયું તો ચોંકી ગઇ. અરે! આ તો માનસી. એ તેને ભાભી કહેશે... અને તે મલકી ઉઠી.

vanvihari@gmail.com

# પઝેસિવ પ્રેમ...!! શિક્ષિત યુગલોમાં અવિશ્વાસને માનસિક હિંસા...!!

## પોતાની પત્ની એટલે ખાનગી માલ મિલકત હોય એવું માનતા પતિદેવ પ્રેમનું બહાનું આગળ ધરી એનાં પર વિવિધ જાતનાં બંધનો લાદી એનાં ધબકારાં વધારી, કરાવે માનસિક ચિંતા

**Hello ફ્રેન્ડસ!**
**- સંજય થોરાત**

ગ્રામીણ ક્ષેત્રે શારીરિક મારધાડ અને શહેરમાં માનસિક હિંસા આજકાલના નવાં કપલોમાં વિશેષ ધ્યાને આવે છે. તું જો મને સાચ્ચે જ પ્રેમ કરતો હોય તો તારે મારૂં માનવું જ પડશે. હું કહું છું એટલે તારે એજ કરવાનું, આ અધિકાર જતાવવાનો એને જ શું સાચો પ્રેમ કહે છે?

પઝેસિવનેસ, સંબંધમાં સમસ્યા, પ્રશ્ન, કટૂતા, ગુસ્સો નિર્માણ કરનારી મહત્ત્વની ભાવના. ઘણી ખરી વખત અનેક લોકોને પ્રેમની ચિંતા અને પઝેસિવનેસ વચ્ચેનો ભેદ સમજાતો નથી. વૉશિંગ્ટન પોસ્ટ નામનાં સુપ્રસિદ્ધ ન્યૂઝપેપરની વેબસાઈટ પર વિશ્વભરની પરણિત સ્ત્રીઓનો એક સર્વેષણ વાંચવા મળેલો અને એ સર્વેક્ષણનો વિષય હતો ઘરેલું હિંસા અને એમાં પતિની મારધાડ યોગ્ય કે અયોગ્ય? એ વાંચ્યા બાદ રૂંવાડા ઊભા થયાં. વિકસિત, વિકાસશીલ અને અવિકસીત અથવા ગરીબ એવા ૨૬ દેશોનાં સર્વેક્ષણમાં કેટલીય સ્ત્રીઓએ પતિનાં મારવાને એનું પ્રેમનું પ્રતિક માન્યું છે!! પતિને પત્નીની ચિંતા હોય છે, તે એમનાં તરફ પઝેસિવ હોય છે અને એટલે જ મારે છે એવું સ્ત્રીઓનું માનવું છે!!

ઘરેલું હિંસા એ આજનો વિષય નથી, પણ ઝીણવટભરી દૃષ્ટીથી વિચારીએ તો એ ઘરમાં પ્રત્યક્ષ શારીરિક મારધાડ થતી નથી. એવા ઘર અને યુગલોનાં સંબંધમાં માનસિક હિંસા, અવિશ્વાસનું વાતાવરણ અને પઝેસિવનેસનું પ્રમાણ મોટાં પ્રમાણમાં હોય છે. એક ડૉકટરની પત્નીને કે પોતે પણ ઉચ્ચ શિક્ષિત છે એણે કીધેલું કે એમનાં પતિને એ ટૂ-વ્હિલર ચલાવે એ પસંદ નથી, એમનું એવું કહેવું છે કે એણે કાર જ ચલાવવી અને એ પણ કાચ બંધ કરી એ.સી. ચાલુ કરી ને જ! કેમ એવું જરા કારણ ના સમજાતાં પૂછ્યું તો બોલ્યાં, 'યુનો, પઝેસિવ નેસ.'

એ બેન પતિની આ હરકતથી ખુશ હતા કે નાખુશ એ તો ખબર ના પડી, પણ એનો વાતનો નિસાસો સંબંધોની ચાડી ખાતો હતો. વાહન કયું ચલાવવું એનો સીધો સંબંધ રૂપાળી પત્નીને રસ્તા પરનાં લોકો જૂએ નહીં એ કારણ વિશેષ હતું. પત્ની એટલે ખાનગી માગ મિલકત સમજતા પ્રેમમાં પઝેસિવના નામ હેઠળ એણે એના પર બંધન નાંખ્યા હોય એવું જ હતું. અનેક નવવિવાહીત યુવતીઓ અથવા પ્રેમમાં પડેલી છોકરીઓ એના જોડીદારનો મોબાઈલ એને ખબર ના પડે એમ ચેક કરતી હોય છે. એણે કોને મેસેજ કર્યો, કોને શું મેસેજ કર્યો? સોશ્યલ નેટવર્કીંગ સાઈટ પર એના ગ્રુપમાં કોણ કોણ છે? એવું બધુંચેક કરનારી અને એના પરથી ઝઘડા કરતી કેટલીય યુવતીઓ હોય છે!! એટલે પઝેસિવ માત્ર પુરૂષો જ હોય છે એવું માનવાને કારણ નથી...

મૈત્રીનાં નવાં એન્ગેજમેન્ટ થયાં અને એણે એનો પોતાનો ફોટો ફેસબુક પર મુકયો, અનેક લાઈકસ અને કોમેન્ટ સાથે એ ખુશખુશાલ હતી, એણે એના ફિયાન્સને આ વાત કરી અને ભાઈનું મોઢું કડવું પડી ગયું, એ એના ગ્રુપમાં જોડાઈને પછી ચેક કરવા લાગ્યો કે કોણે લાઈગ કર્યું અને કોમેન્ટ્સ આપી? અમુક છોકરાઓ પ્રત્યે શંકા પણ જન્મી, પછી એની અસર સંબંધમાં વર્તાવા લાગી. લગ્ન થઈ ગયાં. સંસાર ચાલવા લાગ્યો પણ પેલી વાતો મનનો પીછો છોડતી નહીં અને પછી પ્રેમનાં બહાના હેઠળ એણે એનાં ધીમે ધીમે કરી ફેસબુક ફ્રેન્ડ ડિલીટ કરાવવા શરૂ કર્યાં... એનાં આવવા-જવા પર, મોબાઈલ પર, પાડોશી પર, ઓફિસનાં સહકર્મચારીઓ બધાં પર નજર રાખવાં માંડી, શંકાનાં ઘેરામાં સપડાયેલો એ ભાઈ અને એનાં વર્તનથી અકળાયેલી મૈત્રી છેવટે છૂટા પડવા સુધી પહોંચી ગયાં... હવે આને પ્રેમ કહેવો કે પઝેસિવનેશ??

જે સંબંધમાં વિશ્વાસ ઓછો હોય છે. એકબીજાને સ્પેસ આવવાની બાબતનો પુરતો વિચાર થતો નથી અને પ્રેમમાં લેવાતા કાળજીને માલિકી હક્ક સમજવાની ભૂલ થાય છે ત્યાં પઝેસિવનેસ આડખીલી બની આવી જાય છે. એકબીજા પર બંધન નાંખવું. આરોપ કરવાં, શંકા કરવી એવી બધી વાતો શરૂ થાય છે. જે ક્ષણે એકબીજાને પઝેસિવનેસની બદબુ આવવાં લાગે એટલે સંબંધમાં મુકતતા ધીમે ધીમે ઓછી થાય, ખોટું બોલવાનું, છુપાવવાનું ચાલું થાય, ઝઘડા ના જોઈએ એવું વિચારી કોક એકાદ પાછું પગલું લે, બંધન સ્વીકારી લે અને નહીં તો નકલી ચહેરો લઈને ફરવાની શરૂઆત થાય!!

શું બધી સ્ત્રીઓ સાથે હસીને વાત કરો છો? તમે છોકરી જોઇ નથી કે લટકયાં નથી. મેસેજ કોના આવે છે? આટલી બધી વાર ઓફિસમાં કેમ થઈ? કામ કરવા જાવ છો કે ફરવા? એવી રોકટોક યુવતીઓ કરે તો પુરૂષ પણ, બધા સાથે હાથ શું મિલાવે છે? પેલાં જોડે બહુ હસીને વાત કરવાની જરૂર નથી, ઓફિસના કલીગની લીફ્ટ કેમ લીધી, રિક્ષા ના કરાય? આજે આટલી તૈયારી શેની છે? કોઈ જૂનો બોયફ્રેન્ડ મળવાનો છે? હું કહું એ જ ડ્રેસ પહેરવાનો, એનાં ઘરે કાંઈ જવું નથી. વારે ઘડીયે શું પીયરમાં ફોન કરે છે? જેવાં વાકયો યુવતીઓને હચમચાવે છે...

કયારેક તો પઝેસિવનેસ પાછી સગવડિયા ધરમ જેવી હોય છે. પોતાને ગર્લફ્રેન્ડ હોય તો ચાલે પણ પત્નનો પુરૂષ મિત્ર ના ચાલે. પોતાની મનગમતી વસ્તુ હક્કથી કરાવી લઈ જોડીદારને માત્ર સતત ચિંતામાં રાખવો. પોતાની ઈચ્છા એનાં માથે મારવી, પોતાની સ્પેસનો વિચાર કરીને બીજાને માત્ર જરાય સ્પેસ ના આપવી કે સતત એનાં નિર્ણયોમાં હસ્તક્ષેપ કરવો, આ બધું કોક એક તરફી પાત્ર ભજવી લે છે. લોકોનું આવું વર્તન સ્વના ઈગોને પ્રોત્સાહિત કરવાનું કે પોતાનું જ મહત્ત્વ પ્રસ્થાપિત કરવાનું હોય છે અને આવી એક પાત્રીય હરકતથી સંબંધમાં બાર વાગી જાય છે...


પુરૂષ કે સ્ત્રી પરનો સતતનો ચોકી પહેરો કે પ્રેમ કે ચિંતા ના રહેતા પઝેસીવનેસ બને છે. લગ્ન એ પછી એક સુખદ પ્રવાસ ના બનતાં લગ્ન ટકાવવાનો નિભાવ માત્ર બને છે. સંબંધમાં એક શ્રેષ્ઠ અને બીજો નબળો હોવો કદાચ સ્વભાવિક છે પણ સંબંધમાં બંને પાત્રો સમાન સમજૂતીથી વર્તે એજ અપેક્ષિત છે. એમનામાં શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક અને બૌદ્ધિક આદાનપ્રદાન એકબીજાને પુરક બની રહે છે. એકબીજાની બુદ્ધિ અને સમૃદ્ધિ માટે જયાં સમજૂતી હોય ત્યાં પઝેસિવનેસને જગ્યા નથી, અવિશ્વાસ અને માનસિક હિંસા નથી. પતિ-પત્નીએ પઝેશિવ થઈ એકબીજાનાં ધબકારા વધારી માનસિક ચિંતા કરાવવી છે કે પ્રેમથી સંબંધ ધબકતો રાખવો છે? સાનમાં સમજી ભાનમાં રહે તો માન મળશે...

**ચૂંટલો :**

પતિ-પત્નીને અન્ય સાથે સંબંધ હોય એમાં શંકા કે અવિશ્વાસ શું કામ કરવો પડે? એમને જો કાંઈ આડુંઅવળું કરવું હોત તો તમારી સાથે લગ્ન જ શું કામ કર્યા હોત? આટલી સીધીસાદી વાત કેમ યુવાનો સમજતાં નથી.

# જે મહાભારતમાં નથી એ દુનિયામાં ક્યાંય નથી

## દુનિયામાં એવું કશું જ ન બની શકે કે જે ''મહાભારત''માં ન બન્યું હોય, અહીં એક જ કથા નથી, કથામાં ઉપકથા અને એમાં વળી કથા છે, એક સ્ત્રી કોઈ પુરુષના અહમ્‌ને પાળી શકે, પોષી શકે અને તે પુરુષના અહમ્‌ને ચકનાચૂર પણ કરી શકે, આ કથા છે ''મહાભારત''




આજે વાત ''મહાભારત''ની કરીએ. હજારો વર્ષ પહેલાંની અમર કૃતિ. મહર્ષિ વેદ વ્યાસ વિરચિત એક લાખ શ્લોકથી સંપન્ન મહાકાવ્ય. લહિયા તરીકે જેનું લેખન વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશે કર્યું. ''અથઃ શ્રી મહાભારતઃ કથાઃ'' જે ''મહાભારત''માં છે, એ આખી દુનિયામાં યુગે-યુગે વ્યાપ્ત છે અને જે વાત ''મહાભારત'' મહાકાવ્યમાં નથી, એ દુનિયામાં ક્યાંય નથી. દુનિયામાં એવું કશું જ ન બની શકે કે જે ''મહાભારત''માં ન બન્યું હોય. અહીં એક જ કથા નથી, કથામાં ઉપકથા અને એમાં વળી કથા છે.

''યુદ્ધસ્ય કથા રમ્યાઃ''. પરંતુ ''મહાભારત'' એટલે માત્ર યુદ્ધકથા નથી. એમાં ''શ્રીમદ્ ભગવત્ ગીતા'' પણ સમાયેલી છે, કિન્તુ આ મહાકાવ્ય ફક્ત ''ગીતા'' પણ નથી. એક સ્ત્રી કોઈ પુરુષના અહમ્‌ને પાળી શકે, પોષી શકે અને તે પુરુષના અહમ્‌ને ચકનાચૂર પણ કરી શકે. આ કથા છે ''મહાભારત''. તમે જુઓ કે ''મહાભારત'' હોય કે ''રામાયણ'', હૉમર કૃત ''ઈલિયડ'' હોય કે ''ઑડિસ્યુસ'' હોય. પાત્રોની વાત કરીએ તો, ''દ્રોપદી'' હોય કે ''સીતા'', ''ઈઝાબેલા'' હોય કે ''ક્લિયૉપેટ્રા'' કે વળી નેપૉલિયનની પ્રિયા ''થાઈશ'' હોય. વાત સ્ત્રી અને સ્ત્રીના અહમ્‌ની આસપાસ જ ઉભી રહે છે. આપણાં મહાકાવ્ય ઉપરાંત રૉમન સામ્રાજ્યનું પતન હોય કે ગ્રીક કિંવદંતી હોય. છેડો એક જ છે, આરંભ અને અંત સમાન અથવા નજીક નજીક જ છે.

વાત સરખામણીની નથી. કારણ કે ''મહાભારત''ની કોઈ સાથે સરખામણી ન થઈ શકે. એનાં પાત્રો, એની કથા, એનાં સંવાદ, એનું બધું જ અદ્ભુત છે. આપણી આસપાસની દુનિયામાં અને આજે યા ગઈકાલે રચાયેલાં સાહિત્યમાં અને એ પ્રમાણે ફિલ્મ યા ટી.વી. શ્રેણીમાં પણ એ બધું જ વિદ્યમાન છે, જે ''મહાભારત''માં છે. જેમ કે દુર્યોધનો, શકુનિઓ, દ્રોપદીઓ, ગાંધારીઓ, કુંતીઓ અને વિષકન્યાઓ પણ ખરી. તમે ધ્યાનપૂર્વક જોશો તો આ બધાં જ પાત્રો જોવા મળશે.

હસ્તિનાપુરમાં કુરુ વંશનું રાજ છે. સુવર્ણનો સુમાર છે. રાજમાતા સત્યવતીને વારસદારની ઝંખના છે. ગંગાપુત્ર ભીષ્મે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી છે અને રાજગાદી ઉપર બિરાજવાનો પોતાનો હક્ક યુવરાજ વિચિત્રવીર્યના પક્ષમાં જતો કર્યો છે. પરંતુ અતિકામવૃત્તિના કારણે યુવરાજ નપુંસક બની ગયા હોવાથી કોઈ રાજવી એની સાથે પોતાની કન્યા પરણાવવા તૈયાર નથી. આથી દેવવ્રત ભીષ્મ કાશી નરેશે યોજેલ સ્વયંવરમાંથી ત્રણ કન્યાને વિચિત્રવીર્ય માટે લઈ આવે છે. જો કે વિચિત્રવીર્ય તો વારસદાર આપી શકે એમ નથી. આથી ત્રણ પૈકી બે રાજકુમારી અંબિકા અને અંબાલિકાનો ઋષિ મુનિ દ્વૈપાયન સાથે ''નિયોગ'' (''નિયોગ'' એટલે સંતાનપ્રાપ્તિ માટે પતિ સિવાયના પુરુષનો સંગ) કરાવવામાં આવે છે. પરિણામ સ્વરુપ અંબિકા જન્મથી અંધ બાળકને જન્મ આપે છે, જેનું નામ ધૃતરાષ્ટ્ર પાડવામાં આવે છે. અંબાલિકા જન્મથી જ રોગીષ્ટ અને અત્યંત નિર્બળ બાળકને જન્મ આપે છે, જેનું નામ પાંડુ રાખવામાં આવે છે.

યુવરાજ ધૃતરાષ્ટ્ર અને પાંડુ યુવાન થતા જ બેઉ યુવરાજને પરણાવવા ફરી એકવાર દાદી રાજમાતા સત્યવતી ઉતાવળાં થાય છે. તેઓ માને છે કે આ બે યુવરાજ પરણીને કુરુ વંશનો વેલો આગળ વધારે તો કુરુ પરિવારના માથે લાગેલું ''નિયોગ''નું કલંક ભૂંસી શકાય. આ માટે રાજકુમારીઓ શોધવાનું કાર્ય રાજપુરોહિત ઋષિ મુનિ કૃપાચાર્યજીને સોંપવામાં આવે છે. કૃપાચાર્યજી મુંઝવણમાં મૂકાય છે કે કન્યા આપે કોણ? કારણ કે એક યુવરાજ જન્મથી અંધ છે તો બીજા યુવરાજ (પાંડુ) અતિકામવૃત્તિની બાબતમાં વિચિત્રવીર્યના રસ્તે છે. (એટલે કે પુરુષાતન ગુમાવી ચુક્યા છે.)

આખરે પાંડુ માટે રાજા કુંતીભોજની રાજકુંવરી ''કુંતી'' ઉપર પસંદગી ઉતારવામાં આવે છે. પરંતુ કૃપાચાર્ય ધ્યાન દોરે છે કે એ કન્યા રાજા કુંતીભોજની પુત્રી નથી, એટલે કે ક્ષત્રિય કન્યા નથી પરંતુ યાદવકન્યા છે અને તેનું નામ ''પૃથા'' છે. તે કુંવારી હોવા છતા સગર્ભા છે. કુંતી સૂર્યના સંસર્ગથી મા બનવાની છે અને તેના ઉદરમાં સૂર્યપુત્ર કર્ણ ઉછરી રહ્યો છે. જો કે રાજમાતા કૃપાચાર્ય પાસે વચન લે છે કે તેઓ આ વાત આજીવન ગોપનીય રાખે. આમ કુંતી પાંડુ સાથે પરણે છે. અલબત્ત કૃપાચાર્ય રાજા કુંતીભોજના દરબારમાં જતા પહેલા દેવવ્રત ભીષ્મને મળીને કહે છે કે ''તમે વર્ષો પહેલાં જે પાપ કર્યું હતું એ જ પાપ કરવા હું જઈ રહ્યો છું. આ રીતે કુરુ વંશનો વેલો આગળ વધારી શકાય નહીં. આ તો કુરુ વંશના અંતનો આરંભ છે. હવેથી હું આપને દેવવ્રત નહીં માત્ર ભીષ્મ જ કહીશ.''

હવે ધૃતરાષ્ટ્રના લગ્ન માટે ગાંધાર (જે હાલના અફઘાનિસ્તાનનું કંધહાર માનવામાં આવે છે. જે હિન્દુ શાસન - હિન્દુસ્થાનનો ભાગ હતો અને અર્ધા એશિયા ખંડ ઉપર હિન્દુ શાસન હોઈ અર્ધુએશિયા હિન્દુસ્થાન ગણાતું.)ની રાજકુંવરી ''ચારુ'' (ગાંધારી) ઉપર પસંદગી ઉતારવામાં આવે છે. ગાંધાર પ્રદેશના યોદ્ધાઓ ઊંચા, પડછંદ અને આક્રમકતાથી સભર હતા. યુદ્ધવિદ્યા અને દ્યુતવિદ્યા (ચોપાટની રમત દ્વારા જુગાર)માં પારંગત હતા. ગાંધાર પ્રદેશમાં દ્યુતની રમતમાં કન્યાને દાવ ઉપર લગાવી શકાતી. પછી એ પત્ની, પુત્રી કે બહેન પણ હોઈ શકે એ સાવ સામાન્ય વાત હતી. ભારતવર્ષમાં દાસીપ્રથા ખરી, પરંતુ આર્યકૂળ પરંપરામાં કન્યાઓને દાવ

એ પ્રદેશમાં નારીસન્માન જેવું કશું નહોતું અને કન્યાવિક્રય પણ કાનૂની માન્યતા હતી. ભીષ્મ પણ ગાંધારીના ભાઈ અને ગાંધારના રાજકુમાર શકુનિને સોનું આપીને ગાંધારીને હસ્તિનાપુર લઈ આવ્યા હતા. જો કે શકુનિએ ભીષ્મ સાથે એવી શરત યા સમજુતી કરી હતી કે પોતે પણ બહેન સાથે હસ્તિનાપુર રહેવા આવી જશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)